૨૩

ડો.આર
10/8/17

ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ
ઉજવણી નિમિત્તે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્ત
ચાર નિગમોના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમે
યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કર
બાબત.

---

મુદ્દત લંબાવવા અંગે (તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૬/૩૮/અ-૧
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૮/૨૦૧૭
9 AUG 2017

વંચાણમાં લીધાઃ- (૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૧૦/૨૦૧૬નો ઠરાવ
(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭/૦૨/૨૦૧૭નો ઠરાવ
(૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૧૧/૦૩/૨૦૧૭નો પત્ર ક્રઃ- ગુઠાકોવિનિ/વહટ/વનટાઇમ સેટલમેન્ટ/૧૭-૧૮/૧૦૩૩૬
(૪) અધ્યક્ષશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૨૬/૦૪/૨૦૧૭નો પત્ર

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૨૦૧૬ના ઠરાવ અન્વયે, ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિની રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ ઉજવણી નિમિત્તે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમો, (૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, (૩) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને (૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના લાભાર્થીઓ માટે તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી વન ટાઇમ સેટલમેન્ટ યોજના અમલમાં મુકવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૭/૦૨/૨૦૧૭ના ઠરાવથી આ યોજનાની મુદત તા.૩૦/૦૬/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪) પરના પત્રોથી અનુક્રમે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત વધારવા દરખાસ્ત કરેલ હતી. વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત લંબાવવાની નિગમોની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના આમુખમાં દર્શાવેલ ચાર નિગમોની વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની હાલની સમય મર્યાદા તા.૩૦/૦૬/૨૦૧૭ થી વધારી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે.

ઉપર્યુકત મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે.

૧) નિયામક હસ્તકની તમામ જિલ્લા કચેરીઓ અને નિગમની કચેરીઓના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી વસુલાતની કામગીરી સઘન અને ઝડપી બનાવવાની રહેશે.

૨) તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૩) આ યોજના ખાસ ઝુંબેશ તરીકે ચલાવવાની રહેશે અને સક્રીયપણે મોનીટરીંગ કરી વસુલાતની કામગીરી સમય મર્યાદામાં અચૂકપણે પૂરી કરવાની રહેશે.

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૨૦૧૬ અને તા.૧૭/૦૨/૨૦૧૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૫/૨૦૧૭ અને સરકારશ્રીની તા.૨૫/૦૭/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (ના.વિ).ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સાન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલયાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાધીનગર .
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર